Letter No: SJED/0187/03/2024 Dt: 11-03-2024

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને ચોથા હપ્તા પેટે રૂા.૨૫.૦૦ લાખની શેરમૂડીની ગ્રાન્ટ ફાળવવા બાબત.(વર્ષ ૨૦૨૩-૨૪)

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**ઠરાવ ક્રમાંક:SJED/MIS/e-file/17/2022/1495/A1**

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:-**

(૧) આ વિભાગનો તા.૧૮/૦૪/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: SJED/CIE/e-file/17/2022/2945/B

(૨) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૮/૦૭/૨૦૨૩નો ઠરાવ

(3) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૨/૧૨/૨૦૨૩નો ઠરાવ

(૪)નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૧/૦૨/૨૦૨૪નો પત્રક્રમાંક:વિજાક/બોનિ/૨૦૨૩-૨૪/૧૬૬૦-૬૧

**આમુખ:-**

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ માટે આ વિભાગના નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં શેરમૂડીની ગ્રાન્ટ પેટે રૂ.૧૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. જેને આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના તા.૧૮/૦૪/૨૦૨૩ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. જે અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક-(૨) અને (3) પરના આ વિભાગના ઠરાવોથી વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં નિગમ માટે શેરમૂડીની ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂા.૧૦૦.૦૦ લાખની જોગવાઈમાંથી પ્રથમ હપ્તા પેટે રૂા.૨૫.૦૦ લાખ તથા બીજા અને ત્રીજા હપ્તા પેટે કુલ રૂ.૫૦.૦૦ લાખની શેરમૂડીની ગ્રાન્ટ નિગમના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક-(૪) પરના તા.૨૧/૦૨/૨૦૨૪ના પત્રથી ચોથા હપ્તા પેટે રૂા.૨૫.૦૦ લાખની શેરમૂડીની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવા દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે, વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ માટે શેરમૂડીની ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૧૦૦.૦૦ લાખની જોગવાઇમાંથી ચોથા હપ્તા પેટે રૂા.૨૫.૦૦ લાખની શેરમૂડીની ગ્રાન્ટ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો :-**

1. નિગમના સને ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના હિસાબો વિધાનસભાના આગામી સત્ર દરમિયાન ગૃહના મેજ પર મૂકી પ્રુફ સીસ્ટમમાં એન્ટ્રી થઇ જાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે અને નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કચેરી દ્વારા નિગમની રૂા.૨૦.૦૦ કરોડની GSFS ડિપોઝીટની સમીક્ષા કરવાની રહેશે.
2. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે અને તેની જાણ વિભાગને કરવાની રહેશે.
3. ઉપર્યુક્ત મંજૂર કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટ જે હેતુ માટે છૂટી કરવામાં આવે છે તે હેતુ સિવાયના અન્ય હેતુ માટે સરકારશ્રીની પૂર્વ મંજૂરી સિવાય ખર્ચ કરી શકાશે નહીં. આ અગાઉ તેમજ આ ઠરાવથી છૂટી કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટની રકમમાંથી કરવામાં આવેલ ખર્ચની વિગતો તાત્કાલિક વિભાગને રજૂ કરવાની રહેશે.
4. સને ૨૦૨૩-૨૪ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
5. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પધ્ધતિથી



eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 11-Mar-2024 (04:08 PM)
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

કરવાનું રહેશે તેમજ વર્ષના અંતે બચત રહેતી રકમ સરન્ડર કરવાની રહેશે.

6. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો ખર્ચ કરતી વખતે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
7. આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણો અને નિયમો અનુસાર કરવાની રહેશે.
8. નવી સેવાઓના સંદર્ભમાં નાણાં સલાહકારશ્રી/નાણાં વિભાગની મંજૂરી મળ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.
9. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૯૨ મુખ્ય સદર:૪૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, ગૌણ સદર:૧૯૦ જાહેર સત્રની સહાયક અને અન્ય, પેટા સદર: ૦૫ ઓબીસી-૨૧ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને શેરમૂડી હેઠળ આ વિભાગના નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

૩. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૮/૦૨/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 11-Mar-2024 (04:08 PM)

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ,
ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં વિભાગ (ક-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ/કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ.